## વાત-વાતમાં.....

- ''કોરોના'' વાઈરસનો ઓછાયો ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતેના એક્ઝિબીશન સેન્ટરમાં ચાલી રહેલા ''ઈન્ડિયા સિરામિક્સ એશિયા'' એકસ્પો પર પણ દેખાઈ રહ્યો છે. વિદેશી ટેકનોલોજી ધરાવતી ઘણી કંપનીઓના સ્ટોલ્સ સજાવી તો દેવાયા છે પરંતુ તેના પર કોઈ ''સ્ટાફ''ની હાજરી જોવા મળતી નથી કેમ કે તેમના વિદેશી અધિકારીઓ અત્રે આવી શક્યાં નથી.
- શહેરના સેક્ટર-૬માં પૂર્વ ધારાસભ્યના નિવાસસ્થાન નજીક દુર્ગંધભર્યુ વાતાવરણ અનુભવાઈ રહ્યું છે. આ દુર્ગંધ તે વિસ્તારમાં પ્રસરેલા ગટરના દૂષિત પાણીને કારણે ફેલાઈ રહી છે જેના પગલે રહીશો સહિત અહીંથી પસાર થતાં રાહદારીઓ-વાહનચાલકો પણ પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.
- વિધાનસભાનું છઠ્ઠુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે નવા સચિવાલય કેમ્પસમાં બે સુરક્ષા કર્મીઓ બાઈક પર ફોલ્ડીંગ પલંગ (નાનો ખાટલો) લઈને પસાર થતા નજરે ચઢ્યાં હતા. એક તરફ વાતાવરણમાં વધી ગયેલી ગરમીમાં દિવસભર ખડે પગે ફરજ બજાવવાની સ્થિતિમાં રિશેષ દરમ્યાન 'ઘડીક' આરામ મેળવવા ખાટલો હાથવગો રાખવાની કોશિષ તેમની આકરી ફરજ પ્રત્યે ધ્યાન દોરે છે.
- ગાંધીનગર ખાતેના સીઆરપીએફ ગૃપ કેન્દ્રની મહિલા કર્મીઓ આગામી 'મહિલા વિશ્વ દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી''થી સાયકલ રેલીનો પ્રારંભ કરવાની છે. આ સાયકલ રેલી સ્ટેચ્યુ ઓફ યુનિટીથી મુંબઈ સુધી યોજાશે.

# રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૪

હાલ ગુજરાતમાં દિવસે ગરમી અને રાતે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે આગામી બે દિવસ માવઠું પડે તેવી સંભાવના છે. ૫ માર્ચે ગુજરાતના સંખ્યાબંધ ભાગોમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેને લઈને ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે લો પ્રેશરની સ્થિતિ સર્જાતા ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ૫ માર્ચે ગુજરાતના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડે તેવી શક્યતાને લીધે ખેડૂતો ચટિંતામાં મુકાયા છે. આવતીકાલે ૫ માર્ચે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી જ્યારે સૌરાષ્ટ્રના દ્વારકા, પોરબંદર અને કચ્છ વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટાં પડે તેવી પુરી શક્યતા છે. શિયાળુ પાકની કાપણી સમયે ખેડૂતોમોઆ માઠા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી બે કે ત્રણ દિવસ ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળી શકે છે.



શહેરના સેકટર-૩ ન્યુમાં ચોરીનો ભય રહેતો હોવાથી શોપીંગ સેન્ટરમાં હેલોજન લાઈટ સાથેનો ટાવર, ચોમાસામાં કાદવ કીચડ ના થાય તે હેતુથી રોડ સુધી પેવર બ્લોક પાથરવા તેમજ શોપીંગમાં શૌચાલય જેવી પાયાની સુવિધા ઉભી કરવા સેકટર-૩ ન્યુ વસાહત મંડળના હોદ્દેદારો દ્વારા મેયરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેને આસી. મ્યુનિસિપલ કમિશનરે મેયર વતી સ્વીકાર્યું હતું. આ સમયે સે-૩ ન્યુ વસાહત મંડળના હોદ્દેદારો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તારાપુરમાંથી જુગાર રમી રહેલા ૪ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૪

અડાલજ પોલીસ મથકના સ્ટાફના કર્મચારીઓ પોતાના હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ વનરાજસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે તારાપુર જોગણી માતાના મંદિરની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો ખુલ્લામાં જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ પાડીને તારાપુર ગામના અશોકજી જયંતિજી ઠાકોર (ઉં.વ.૪૮ ઉંડોવાસ), રમેશજી કાંતજી ઠાકોર (ઉં.વ.૪૪ ચકલાવાળો વાસ), અશોકજી ઉર્ફે બોડાજી કાંતિજી ઠાકોર (ઉં.વ.૩૮ ચકલાવાળો વાસ), અને અજય રમેશજી ઠાકોર (ઉં.વ.૨૦ ચકલાવાળો વાસ), ને પકડી પાડ્યા હતા. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૨૭૭૦ રોકડા જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વેસ્ટ ઝોન રોલબોલ ચેમ્પિયનસીપનું આયોજન

ગાંધીનગર, તા. ૪

આગામી તા. ૭ અને ૮ માર્ચ દરમ્યાન અમદાવાદના નવરંગપુરા ખાતેની નવરંગ સ્કેટીંગ રીંગ પર પ્રથમ વેસ્ટ ઝોન રોલ બોલ નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. રોલબોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા આયોજિત આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા અન્ડર-૧૧ અને અન્ડર-૧૪ ગૃપ માટે યોજાઈ રહી છે. જેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં બાળકો ભાગ લેશે.

# સઘન સર્વેલન્સ અને સતર્કતા સાથે આરોગ્યતંત્ર સેવાઓ બજાવે : નાયબ મ્યુનિ. કમિશનર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં ઉનાળાના આગમનની સાથે પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે સઘન સર્વેલન્સની સૂચનાઓ આજે નાયબ મ્યુનિ. કમિશ્નર પ્રિતેશભાઈ દવેએ આપી હતી.

મનપા આરોગ્યતંત્રની સંચારી રોગ અંગેની મળેલી બેઠકમાં તેમણે અખાદ્ય ચીજોનો વેપલા કરતા વેપારીઓ સામે લાલ આંખ ફૂડ સેફટી તંત્ર દ્વારા કરવામાં આવે તેના પર ભાર મુક્યો હતો. તેમણે બરફ, પાણી, અખાદ્ય ચીજવસ્તુઓના નમૂના મેળવવામાં આવે અને તેની ચકાસણી કરવા પણ જણાવ્યુ હતુ.

આ બેઠકમાં પાણી-પુરવઠા વિભાગના અધિકારીઓ હાજર હતા. તેમણે પાણીના ક્લોરીનેશન પર વિશેષ ધ્યાન આપવા માટે પણ સૂચના આપી જણાવ્યુ હતુ કે પાણી ચોખ્ખુ નહિ મળે તો કમળો, ટાઈફોઈડ જેવા રોગો દેખા દઈ શકે છે. એન્ડ પોઈંટ પર ક્લોરીનેશનવાળુ પાણી ઓછુ પહોંચતુ હોવાની ફરિયાદ અંગે તેમણે જરૂર પડ્યે સુપર ક્લોરીનેશન કરવામાં આવે તેમ કહ્યું હતું.

વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો હોય કે ના હોય પણ સર્વેલન્સની કામગીરી સઘન રીતે કરવાની તાકીદ કરી પરિસ્થિતિ પર ચાંપતી નજર અર્બન હેલ્થ સેન્ટરના અધિકારીઓ રાખે તેમજ સઘન મોનીટરીંગ એમ.ઓ.એચ. લેવલે થાય તે પણ જોવા કહ્યુ હતુ.

આ બેઠકમાં અત્યારે હાલમાં કોરોના વાયરસ તથા સીઝનલ ફલુ અંતર્ગત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શંકાસ્પદ લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના અર્બન હેલ્થ સેન્ટર અથવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે સંપર્ક કરવા જણાવ્યુ હતુ.

શહેરના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામી, સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. સુશ્રી સુધાબેન, આરોગ્યના અધિકારીઓ, પાણી પુરવઠા તેમજ ફુડ સેફ્ટી બ્રાન્ચના અધિકારીઓ હાજર રહ્યા હતા.




ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે આરોગ્ય તંત્ર દ્વારા આરોગ્ય સેવાઓના ઓરિએન્ટેશનને લઈ પંચાયતી રાજના સભ્યોનો એક વર્કશોપ પંચાયતના સરદાર પટેલ હોલમાં યોજાયો હતો. આ વર્કશોપને જી.પં. પ્રમુખ મંગુબેન પટેલ, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે દીપ પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો. આ વર્કશોપમાં જિલ્લા વિકાસ અધિકારી રાવલ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓએ હાજરી આપી હતી.

# શુક્રવારે આઈઆઈટીઈના પ્લેસમેન્ટ પોર્ટલ ''આદિત્ય''નું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

**આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ અને તાલીમબદ્ધ શિક્ષકો અને શિક્ષણ ક્ષેત્રના પ્રોફેશનલ્સ ઈચ્છતી સ્કૂલો વચ્ચે આદિત્ય પ્લેસમેન્ટ પોર્ટલ સેતુ બનશે**

ગાંધીનગર, તા. ૪

ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ) દ્વારા તૈયાર કરવામાં આવેલા જોબ પ્લેસમેન્ટ પોર્ટલ 'આદિત્ય'-(એકમ્પ્લિશઈંગ ડ્રીમ્સ ફોર ઈન્ડિયન ટીચર્સ એન્ડ યર્નિંગ એડમિનિસ્ટ્રેટર્સ)નું ૬ માર્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે લોકાર્પણ થશે.

આઈઆઈટીઈના અભ્યાસક્રમોમાં અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોકરીની તકો ઉપલબ્ધ બને તે માટે આ પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પોર્ટલ વિકસાવવા પાછળનો હેતુ સ્પષ્ટ કરતા આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતીય શિક્ષણ પરંપરાના વિચારો અને શિક્ષણ માટેના આધુનિક વૈશ્વિક કૌશલ્યોની તાલીમ પામીને તૈયાર થયેલા શિક્ષકો સમગ્ર વિશ્વમાં પહોંચીને વિવિધ દેશોની આવનારી પેઢીઓને જ્ઞાનથી સંવર્ધિત કરે તેવી યુનિવર્સિટીની કલ્પનાથી આઈઆઈટીઈની સ્થાપના કરી હવે જ્યારે આ ટીચર યુનિવર્સિટીને દસ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે, ત્યારે અહીંથી વિવિધ સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રીના અભ્યાસક્રમો પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ ગુજરાત દેશ અને વિદેશની સ્કૂલ્સમાં થઈ શકે તે માટે આ જોબ પ્લેસમેન્ટ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.

### આ રીતે કામ કરશે 'આદિત્ય' જોબ પોર્ટલ

આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ આદિત્ય જોબ પોર્ટલ (placement.iite.ac.in) પર જરૂરી વિગતો આપીને નોંધણી કરાવશે. ત્યારબાદ તેમને વિવિધ બોર્ડ સાથે સંલગ્ન સ્કૂલ્સની ઈન્ટરવ્યૂ પ્રક્રિયામાં સફળતા મેળવવા માટેની સઘન તાલીમ આપી યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓનો આ સ્કૂલ્સ સાથે ઈન્ટરવ્યૂ કરાવવામાં આવશે.

શિક્ષકોની જરૂરિયાત ધરાવતી વિવિધ શાળાઓ પણ આઈઆઈટીઈના આદિત્ય જોબ પોર્ટલ (placement.iite.ac.in) પર પોતાની જરૂરિયાતો માટેની વિગતો આપીને નોંધણી કરાવશે તે શાળાઓને તેમની જરૂરિયાતોને અનુરૂપ યોગ્યતાઓ ધરાવતાં વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરવ્યૂ પ્રક્રિયા ગોઠવી આપવામાં આવશે.

## આજે ગાંધીનગર શહેર પેન્શનર સમાજની બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માહે માર્ચ માસની બેઠક તા. ૫મી માર્ચના ગુરુવારના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ચાર વાગ્યે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સેકટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે તેમ પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

## ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તૃતીય પસંદગી મેળો યોજાશે

ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગુજરાત રોહિત સમાજનો ત્રિતીય પસંદગી મેળો તા. ૮ માર્ચના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે સે-૧૨ સ્થિત કડવા પાટીદાર સમાજ ખાતે યોજાશે.



દરેક ઋતુની તેની લાક્ષણિકતાઓ હોય છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડે પરંતુ તેની સામે ઠંડક મેળવવાના ઉપાયો વધી રહ્યા છે જેના કારણે ઉનાળાને માણવો પણ જાણે ગમી રહ્યો છે. આકરા ઉનાળે ઠંડો ઠંડો કેરીનો રસ માણવો એટલે જાણે સ્વર્ગની અનુભૂતિ, જો કે આ ટાઢકનો પ્રારંભ નવા માટલાના પાણીથી શરૂ થાય છે. ઉનાળો શરૂ થયો છે ત્યાં બજારોમાં નવા માટલાઓ આવી ગયા છે. જેની ખરીદી પણ મોટા પાયે શરૂ થઈ ચુકી છે.

# પરેશ ધાનાણીએ મીડિયામાં પ્રસિદ્ધિ માટે આક્ષેપો કર્યા છે

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિધાનસભામાં ટેબ્લેટ ભ્રષ્ટાચાર મુદ્દે થયેલો વિવાદ વકરતો જાય છે, આજે પણ વિપક્ષ દ્વારા ટેબ્લેટ ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો અને ગૃહમાં પસ્તાળ પાડી હતી. બીજીબાજુ, સત્તાધારીપક્ષ ભાજપે ૧૪૦૮ રૂપિયામાં ટેબ્લેટ મળે છે કે નહીં તેનો ખુલાસો માંગ્યો હતો. ખાસ કરીને ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ વિપક્ષ કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે, મીડિયામાં સસ્તી પ્રસિધ્ધિ માટે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભ્રષ્ટાચારના ખોટા આરોપ લગાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પરેશ ધાનાણી વિપક્ષ નેતા છે અને તેમણે માત્ર મીડિયામાં પ્રસિધ્ધિ મેળવવા માટે ભારતીય જનતા પાર્ટીની વિજય રૂપાણીની સરકારને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે, જે કોઈપણ રીતે યોગ્ય કે વાજબી ના કહી શકાય.

પ્રદીપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ટેબ્લેટની ખરીદી કરવામાં આવી છે તેમાં મોટો ભ્રષ્ટાચાર થયો છે એવા આક્ષેપો કર્યા છે અને મુખ્યમંત્રીએ આક્ષેપોનો પુરવાર કરવા જોઈએ તેમ કહ્યું છે પરંતુ વિપક્ષ નેતાએ છેલ્લા ૩ દિવસથી આ ચર્ચાના સમર્થનમાં કોઈપણ પ્રકારના આક્ષેપો પુરવાર કરવા માટે યોગ્ય માહિતી પૂરી પાડી નથી તે જ ગંભીર પ્રશ્નાર્થ જન્માવે છે. ગઈકાલે શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર ચુડાસમાએ સરકાર સામે પુરાવા વગરના આક્ષેપ કરે તો તેમને ઠપકો આપવો જોઈએ તેની અધ્યક્ષ સમક્ષ દરખાસ્ત કાઢી હતી. જેને વિપક્ષના ઉપનેતા શૈલેષ પરમારે રજૂઆત કરી હતી કે, હાલ અમને સમય આપે, જેથી મુખ્યમંત્રીએ ગઈકાલ સાંજ સુધી જરૂરી હકીકતો પૂરી પાડવા સમય આપ્યો હતો. આજે મુદ્દો વિધાનસભામાં અમે ફરીથી ઉપસ્થિત કર્યો હતો.




સ્મિત મ્યુઝિક કલબ પ્રસ્તુત દિવાનો સે મત પુછો ઓરકેસ્ટ્રા નાઈટ સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. જેમાં નગરની ગુજરાતી ફિલ્મી અત્રિનેત્રી જીનલ રાવલનું સન્માન કરવામાં આવ્યું હતું તથા તેમને કિશોર કલાસીસના બળવંત સર દ્વારા સ્મૃતિ ભેટથી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આકર્ષક થીમ ડ્રોથી ઓડિયન્સમાં ઉપસ્થિત તોરલ મહેતાને સંગીત કાર્યક્રમમાં ગાવાની તક મળી હતી.

# સીબીએસઈ અંગ્રેજી મિડીયમ વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં સરળ

ગાંધીનગર, તા. ૪

ધોરણ ૧૦, સીબીએસઈ બોર્ડમાં અંગ્રેજી માધ્યમનુ વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં કોન્સેપ્ટ આધારિત નિકળતા સીબીએસઈ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓમાં થોડી ચિંતા જોવા મળી હતી. અંગ્રેજી માધ્યમના વિજ્ઞાનના પેપર અંગે ચેમ્પ્સ એકેડેમીના ડાયરેક્ટર અને સીબીએસઈ કોર્ષ એક્સપર્ટ કેવલ ત્રિવેદીના જણાવ્યાંનુસાર વિજ્ઞાનનુ પેપર બોર્ડે આપેલી બ્લુ પ્રિન્ટ પ્રમાણેનું હતું. કુલ ૩૦ પ્રશ્નો આધારીત ૮૦ માર્કસના વિજ્ઞાનના પેપરમાં સૌ પ્રથમ વાર બોર્ડ દ્વારા એમસીક્યુના પ્રશ્નો પુછ્યા હતાં. જો કે આ માટે બોર્ડ દ્વારા પરીક્ષા પહેલાં સેમ્પલ પેપર આપવામાં આવ્યાં હતા. બ્લુ પ્રિન્ટ પ્રમાણેના વિકલ્પ આધારીત પ્રશ્નો પ્રમાણમાં સરળ હતાં.

વિષય નિષ્ણાત કેવલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે પેપર ૨૬ ગુણનું ફિઝિક્સ, ૨૪ ગુણનું કેમિસ્ટ્રિ, ૩૦ ગુણનું બાયોલોજી એમ ત્રણ વિભાગમાં હતું. બાયોલોજી વિભાગમાં પુછાયેલા પ્રશ્નો પ્રમાણમાં સૌથી વધારે સરળ હતાં. ૫ સેટ, ૩ સબ સેટ સાથે સીબીએસઈએ વિજ્ઞાનનું પેપર આપ્યું હતું. પેપરના ફિઝિક્સ વિભાગમાં ''રિફરેકશન'' પ્રકરણમાંથી પૂછયેલો પ્રશ્ન થોડો અટપટો અને વિદ્યાર્થીઓની કસોટી કરી લે એવો હતો. પ્રશ્ન હલ કરવા માટે હાયર ઓર્ડર થિંકિંગ સ્કિલ્સ (HOTS) આવશ્યકતા રહે છે.

કેમિસ્ટ્રિ વિભાગ અંગે ચેમ્પ્સ એકેડેમીના ડાયરેક્ટર ત્રિવેદીએ કહ્યું હતું કે આ વિભાગમાં પ્રશ્નો તદ્દન સરળ પુછવામાં આવ્યાં હતા. ''પિરિયોડિક કલાસીફિકેશન'' પ્રકરણમાંથી પુછાયેલો પ્રશ્ન હોશિયાર વિધ્યાર્થીઓને પણ વિચાર કરીને જવાબ લખવો પડે એવો હતો. આ ઉપરાંત ૩ ગુણનો એક પ્રશ્ન ધોરણ ૧૧ અને ૧૨ બન્નેના કોન્સેપ્ટ આધારિત હતો. પરિણામે સ્વભાવિક રીતે જ વિદ્યાર્થીઓને પૂરા માર્કસ લાલવામાં મુશ્કેલી ઉભી થશે.

બાયોલોજી વિભાગમાં પુછાયેલા પ્રશ્નો સીધે સીધા પુસ્તક આધારીત હોઈ પ્રમાણમાં સરળ હતા. પેપરમાં ૬ માર્કના એવા પ્રશ્નો હતાં કે તેના સાચા ઉત્તારો જે વિદ્યાર્થીઓએ ઉંડાણપૂર્વકની સમજીને તૈયારીઓ કરી હશે તે સારી રીતે લખી શક્યા હશે. સ્કોરીંગ માટે આ ૬ ગુણના પ્રશ્નોના ઉત્તરો જ મહત્ત્વની ભુમિકા ભજવશે.

પેપર લાંબુ ન હોવાથી મોટાભાગે વિદ્યાર્થીઓને પેપર પુરૂ કરવા માટે સમય ઘટ્યો હોય એવી સંભાવના ઓછી જણાય છે. સમગ્રતયા રીતે જોઈએ તો ધોરણ ૧૦નુ અંગ્રેજી માધ્યમ વિજ્ઞાનનુ પેપર અગાઉના વર્ષની તુલનામાં આ વર્ષે પ્રમાણમાં વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નોમાં વિચાર કરી ઉત્તરો લખે તો પુરા ગુણ મળે તેવું હતુ એમ કેવલ ત્રિવેદીએ વધુમાં ઉમેર્યુ હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં તાલિમ માટે મુકાયેલ અધિક કલેકટર હુડા આજે તાલુકાના રૂપાલ ગામની મુલાકાતે હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પંચાયતી રાજના પદાધિકારીઓ માટે આરોગ્ય તંત્ર દ્વારા યોજાયેલ વર્કશોપમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સરકારની અન્ય કામગીરીમાં વ્યસ્ત હોવાથી હાજર રહી શક્યા ન હતા.
- કોરોના વાઈરસ અને આજથી શરૂ થઈ રહેલ બોર્ડની પરીક્ષા માટે રાજ્યના મુખ્ય સચિવે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ચણાની ટેકાના ભાવે ખરીદી કરવાનો પ્રારંભ થયો છે. આ માટે ૭૦ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં પાનખરના કારણે વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલ વિસ્તારોમાં ગંદકીના ઢગલા થવા પામ્યા છે. વન વિભાગે આ વિસ્તારોની સફાઈ હાથ ધરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

## શહેરમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી છે તેને લઈ કોંગી કાઉન્સીલર અંકિત બારોટે રોષની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે સુશાસનની ડાહી વાતો કરનારી સરકાર ગુનાખોરી ડામવામાં નિષ્ફળ રહી છે.

બારોટે જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં જ લુંટ, અપહરણ, ચોરી સહિતની ગુનાખોરીનું પ્રમાણ વધવા પામ્યુ છે. પોલીસતંત્રની ઢીલી નીતિ અને રાજ્ય સરકારની રહેમ નજર હેઠળ આરોપીઓ બેફામ બન્યા છે.

વિધાનસભાનુ સત્ર ચાલુ હોવા છતાં ગુનેગારો ધોળા દિવસે લુંટ, અપહરણ જેવા ગુના આચરી રહ્યા છે તેની પાછળ મજબુત રાજકીય પરિબળ હોય તેવુ સ્પષ્ટ દેખાય છે.

આજે સે. ૨૫માં થયેલ અપહરણની ઘટના પછી બારોટે જિલ્લા પોલીસ અધિક્ષકને પત્ર લખી આ પ્રકરણમાં આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ભારતમાતાના મંદિરે નિઃશુલ્ક સુરક્ષા જાગૃતિ સેમિનાર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૭-એના ભારતમાતા મંદિર ખાતે આગામી તા. ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દુર્ગાવાહિની દ્વારા વ્યક્તિગત સુરક્ષા અને સુરક્ષા જાગૃતિ વિષયે નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ગુજરાતના જાણીતા લોકગાયિકા તથા 'ભગવાન પણ ભૂલો પડ્યો' ગીત ફેઈમ 'દિવ્યાબેન ચૌધરી' વિશેષ અતિથિપદે ઉપસ્થિત રહેશે. આ સેમિનારમાં ભાગ લેવા માટે મો. નં. ૮૧૬૦૦૬૫૬૨૭, ૯૭૨૫૦૭૨૩૨૨ અથવા ૯૭૩૭૭૬૧૯૦૪ પર સંપર્ક સાધવા જણાવાયું છે. આ સેમિનારમાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનના ટેકનિકલ ડાયરેકટર જતીન દવે તેમજ ઈન્સ્ટ્રક્ટર મિલાપ ટાટરિયા ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડશે.